ક્રમાંક:ઉમબ/ઉમા-૪/૨૦૧૫/ 674
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં.૯,પહેલો માળ ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તા.23/૦૨/૨૦૧૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
તમામ.

વિષય :- ફરજમોકુફી , બરતરફી ;પદચ્યુક્તિ અને પાયરી ઉતારના કેસમાં બહાલી આપવા બાબત.
સંદર્ભ :- સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૧૩ ના ગેઝેટમાં Gujarat Education Institutions Services Tribunal Act 2006. Gujarat Act No. 20 of 2013.

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઇપણ વ્યક્તિને ફરજ મોકુફી, બરતરફી, પદચ્યુક્તિ અને પાયરી ઉતાર કરેલ મંડળના નિર્ણય સામે વહીવટી સંમતિ/અસંમતિ અર્થેના પ્રકરણો The Gujarat Higher Secondary Schools Service Tribunal Act, 1983 ની જોગવાઇ હેઠળ આ કચેરીને મોકલવામાં આવતા હતા.જેમાં માનનીય આયુક્તશ્રી સમક્ષ સુનાવણી હાથ ધરી શાળા સંચાલક મંડળના નિર્ણય સામે સંમતિ/અસંમતિ આપવામાં આવતી હતી.

સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૧૩ ના ગેઝેટમાં Gujarat Education Institutions Services Tribunal Act 2006 બહાર પાડેલ છે. અને તેમાં સેક્શન-૨૬ માં " On the appointed day, the Gujarat Affiliated Colleges Services Tribunal Act,1982, the Gujarat Higher Secondary Schools Service Tribunal Act, 1983 and the Gujarat Universities Services Tribunal Act,1983 shall stand repealed કરેલ છે.

આમ, ઉક્ત સુધારાથી હવે રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઇપણ વ્યક્તિને ફરજ મોકુફી, બરતરફી, પદચ્યુક્તિ અને પાયરી ઉતારની કાર્યવાહીમાં મંજુરી આપવાની સત્તા Act, 1972 ની કલમ ૩૬ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ માટે અધિકૃત કરેલા અધિકારીને આપવામાં આવેલ છે.

આમ ઉ.મા.સર્વિસ ટ્રિબ્યુનલ એક્ટ-૧૯૮૩ રદ કરવામાં આવેલ છે અને હવે પછી એક્ટ-૨૦૦૬ અમલમાં આવેલ છે. વધુમાં માધ્યમિક અને ઉ.મા. શાળાઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉ.મા. એજ્યુકેશન એક્ટ-૧૯૭૨ ની જોગવાઇ અનુસાર આવા કેસમાં ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા કાર્યવાહી કરવાની થાય છે. તેમજ આ પ્રકારના તમામ પ્રકરણોમાં નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા બોર્ડ વતીથી જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સત્તા મળેલ હોઇ જે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ કાર્યવાહી કરવાની થાય છે.

(નોંધ ઉપર માન.આયુક્તશ્રીના આદેશાનુસાર)

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક

ક્રમાંક : માધ્ય/ખ-૧/ઉ.મા./૧૪-૧૫/૨૫૧૨૨ થી ૨૭૬૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
C/0.મોહનદાસ ગાંધી વિદ્યાલય,
જયુબેલી બાગ પાસે, રાજકોટ
તા.૨૪-૦૩-૨૦૧૫

ઈ.મેઈલ દ્વારા

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ગ્રાંટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,રાજકોટ જિલ્લો.

નકલ જાણ તથા અમલાર્થે
શિ.નિ./મ.શિ.નિ. તમામ
આ કચેરી

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ જિલ્લો,રાજકોટ

નોંધાયેલ ખાનગી ઉ.મા.શાળાના શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફને શાળા સંચાલક મંડળ દ્વારા છુટા કરેલ નિર્ણય અંગેની બહાલીનું પ્રકરણ કમિશનરશ્રી શાળા સમક્ષ રજુ થવા બાબત.

કાનુની અભિપ્રાય, તા.૧૯/૦૨/૨૦૧૫

1) Act,1983 ની જુની જોગવાઈ:-

ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને બરતરફી, પદચ્યુક્તિ અને પાયરી ઉતાર કરેલ મંડળના નિર્ણય સામે વહીવટી સમંતિ/અસંમતિ અર્થેના પ્રકરણો The Gujarat Higher Secondary Schools Service Tribunal Act,1983 ની જોગવાઈ હેઠળ આ કચેરીને મોકલવામાં આવતા હતા.

જેમાં માનનીય આયુક્તશ્રી સમક્ષ સુનાવણી હાથ ધરી શાળા સંચાલક મંડળના નિર્ણય સામે સમંતિ/અસંમતી આપવામાં આવતી હતી.

2) Act,2006 અમલમાં:-

તા.૨.૧૧.૨૦૧૩ થી The Gujarat Educational Institutions Service Tribunal Act,2006 અમલમાં આવેલ છે અને જે આધારે નામદાર ટ્રિબ્યુનલનું નવું માળખું અમલમાં આવેલ છે. આ કાયદાની પ્રસ્તુત પ્રકરણ સંદર્ભે જરૂરી જોગવાઈઓ જોતા.,

- Section-26 of Act, 2006 (Repeal and savings):-

"(1) On the appointed day, the Gujarat Affiliated Colleges Services Tribunal Act, 1982, the Gujarat Higher Secondary Schools Service Tribunal Act, 1983 and the Gujarat Universities Services Tribunal Act, 1983 shall stand repealed. (2) ... "

- Act,2006 થી Act,1983 રદ:-

આ જોગવાઈથી Gujarat Higher Secondary Schools Service Tribunal Act,1983 રદ બાતલ ઠરાવવામાં આવેલ હોય હવેથી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને બરતરફી, પદચ્યુક્તિ અને પાયરી ઉતાર કરવામાં આવેલ મંડળના નિર્ણય સંદર્ભે અત્રેની કચેરીને સંમતિ/અસંમતિ આપવાની સત્તા રહેતી નથી.

પરંતુ આ અંગે નવી જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહે જે નીચે મુજબ છે.

- Section-24 of Act, 2006 (Amendment of Certain Acts):- (નવી જોગવાઈ)

"24.The Acts specified in column (1) of the Schedule are hereby amended in the manner and to the extent specified against it in column (2) thereof with effect on and from the date on which the tribunal is constituted under section 3."

SCHEDULE

(See Section 24)

| Title of the Act (1) | Extent and manner of amendment (2) |
|---|---|

| | |
|---|---|
| 1. The Bombay Primary ...... | Clause (C) of the ......... |
| 2. The Gujarat Secondary and Higher Secondary Education Act, 1972 (Guj. 18 of 1973). | (1) In section 2, clause (y) shall be deleted;<br>(2) In section 36, after words "Private Secondary School" wherever they occur, the words "or registered Private Higher Secondary School" shall be inserted; |
| 3. The Krantiguru ..... | (3) Section 38, 39 and 40 shall be deleted. |

3) Section-36 of Act,1972 હવે સુધારા સાથે વાંચતા:-

ઉ.મા.વિભાગના તમામ કર્મચારીઓ માટે Gujarat Secondary and Higher Secondary Education Act,1972 ની કલમ ૩૬ માં ઉલ્લેખેલ શબ્દ " માધ્યમિક" ની પાછળ " ઉચ્ચતર માધ્યમિક " શબ્દ ઉમેરી સુધારેલ જોગવાઇને ધ્યાને લેવાની રહે છે. જેને હવેથી નીચે મુજબ નાં સુધારા સાથે વાંચવાની રહે છે.

"કલમ ૩૬.(૧) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક
અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને-

(ક) તેના સંબધમાં લેવા ધારેલા પગલા સામે કારણ દર્શાવવાની વાજબી તક સંચાલકે આપી ના હોય ત્યાં સુધી, અને

(ખ) બોર્ડે આ માટે અધિકૃત કરેલા અધિકારીએ તેના સબંધમાં લેવા ધારેલા પગલાની લેખિત બહાલી આપી ના હોય ત્યાં સુધી

સંચાલકશ્રી બરતરફ અથવા પદચ્યુત કરી શકશે નહિ અથવા નીચેની પાયરીમાં ઉતારી શકાશે નહિ અથવા સંચાલક દ્વારા તેની સેવા અન્યથા સમાપ્ત કરી શકાશે નહિ:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઇપણ મજકૂર જેને હંગામી મુદત માટે નીમવામાં આવે તેવી કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ.

કલમ ૩૬.(૨) પેટા-કલમ (૧) નાં ખંડ (ખ) માં ઉલ્લેખેલા અધિકારીએ, સદરહું ખંડ (ખ) હેઠળની દરખાસ્ત તેને મળ્યાની તારીખથી પિસ્તાળીસ દિવસની મુદતની અંદર પોતાનો નિર્ણય જણાવવો જોઈએ અને એવી મુદતની અંદર સદરહું અધિકારી સંચાલકને એવા નિર્ણયની જાણ ન કરે, તો સદરહુ ખંડ (ખ) હેઠળ લેવા ધારેલું પગલું, સદરહું અધિકારીએ મંજુર કર્યું છે એમ ગણાશે.

કલમ ૩૬.(૩) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં આચાર્ય, શિક્ષક, અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની સામે કરવા ધારેલી કોઈ તપાસ અનિર્ણિત હોય ત્યાં સુધી, શાળાના સંચાલક તેને ફરજમાંથી મોકૂફ રાખે, ત્યારે એવી

ફરજમોકુફીની હકીકત અને તે માટેના કારણો બોર્ડ આ માટે અધિકૃત કરેલા અધિકારીને સંચાલકે તરત જણાવવા જોઇએ અને એવા અધિકારીએ આવી ફરજ મોકુફીને બહાલી આપવાની રહેશે અને સદરહું અધિકારી એવી બહાલી સદરહું મુદતની અંદર સંચાલકને જણાવે નહિ, તો સંબધિત ફરજ મોકુફી, એવી મુદત પૂરી થયે, અમલમાં ચાલુ રહેતી બંધ થશે.

કલમ ૩૬.(૪) રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં આચાર્ય શિક્ષક, અથવા અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય પોતાનું રાજીનામું આપવા માંગે, તો તેણે પોતાનું રાજીનામું સબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને આપવું જોઈએ અને રાજીનામું એવી રીતે આપવામાં આવ્યું હોય અને એવા અધિકારીએ યોગ્ય રીતે શેરો કરીને તેને મોકલાવ્યું હોય તે સિવાય સંચાલકે રાજીનામું સ્વીકારવું નહિ. આ પેટા-કલમનું ઉલ્લંઘન કરીને આપવામાં આવેલું આવું કોઈ રાજીનામું સ્વીકારવામાં આવે, તો તે બિનઅમલી ગણાશે.

કલમ ૩૬.(૫) પેટા કલમ (૧) નાં ખંડ (ખ) હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત અધિકૃત અધિકારીના નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે.

કલમ ૩૮, ૩૯ અને ૪૦ આથી રદ ગણવાની રહે.

4) સંમતિ/અસંમતિ આપવાની સત્તા ગુ.માં.ઉ.માં શિક્ષણ બોર્ડનાં અધિકારીશ્રીને:-

આમ, ઉક્ત સુધારાથી હવે રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને બરતરફી, પદચ્યુત્તિ અને પાયરી ઉતાર ની કાર્યવાહીમાં મંજૂરી આપવાની સત્તા Act,1972 ની કલમ ૩૬ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ માટે અધિકૃત કરેલા અધિકારીને આપવામાં આવેલ છે.

**આ અંગે બોર્ડ જાહેર કરેલ વિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા,**

<u>શિક્ષણ વિનિયમ ૧૯૭૪, નિયમ ૨ (૭)</u>

"અધિકારી" એટલે રાજ્ય સરકારે કલમ ૨૧ હેઠળ બોર્ડના અધિકારી તરીકે નીમેલા જિલ્લા શિક્ષણ અધિકારી અને એવા અધિકારીની ગેરહાજરીમાં, બોર્ડના અધિકારી તરીકે તેવી રીતે નિમાયેલી કોઈ વ્યકિત.

<u>શિક્ષણ વિનિયમ ૧૯૭૪, નિયમ ૨૭ (અ)</u>

બોર્ડ દ્વારા વિનિયમ ૧૯૭૪, નિયમ ૨૭(અ) ના સુધારાથી આ અંગે કરવામાં આવતી શિક્ષા, શિક્ષાના પ્રકાર, નાની શિક્ષા તેમજ મોટી શિક્ષા કરવા માટેની પદ્ધતિની જોગવાઈઓ ને ધ્યાને લેતા જે તે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીને શાળા મંડળના નિર્ણય ની બહાલી આપવાની સત્તા સોંપેલ હોવાનું જણાય આવેલ છે.

5) વિશેષમાં:-

આ અંગે વિશેષ નોંધવાનું કે હાલમાં રજિસ્ટર્ડ ખાગની માધ્યમિક વિભાગમાં ઉપર મુજબની સમંતિ/બહાલી સબંધિત જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી દ્વારા જ આપવામાં આવે છે અને તેથી ઉપર જણાવેલ કાયદાના સુધારાથી હવે રજિસ્ટર્ડ ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં પણ સમાન કાર્યવાહી હાથ ધરવાની રહે.

6) કાનુની મંતવ્ય:-

સબબ, આ બાબત સમગ્ર જીલ્લાઓમાં લાગુ પડતી હોઇ તેમજ નિતીવિષયક હોઇ હવે પછી ભવિષ્યમાં રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્ય તરીકે નિમાયેલી કોઈપણ વ્યકિતને બરતરફી, પદચ્યુક્તિ અને પાયરી ઉતાર ની કાર્યવાહી માં શાળા મંડળ દ્વારા લેવાયેલ નિર્ણય ની મંજૂરી/બહાલી આ કચેરીને આપવાની સત્તા રહેતી ન હોય જે અર્થે આવા પ્રકરણમાં નીચે મુજબની વહીવટી કાર્યવાહી હાથ ધરવા અંગે મારું સુચન છે.

7) આ અંગે જરૂરી સૂચન:-

- આ પ્રકારના કિસ્સામાં અત્રેની કચેરી ખાતે રજુ થયેલ તમામ પ્રકરણોમાં આગળની નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા બોર્ડ વતીથી જે તે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીને સત્તા મળેલ હોય, તેઓને ઉપર જણાવ્યા મુજબના નિયમો અને કાયદાની જોગવાઈઓને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી હાથ ધરવા પ્રકરણ તબદિલ કરવાનું રહે, અને આ અંગેની જાણ લાગુ પક્ષકારોને કરવાની રહે.
- તેમજ હવે પછીથી ઉક્ત વિગતે કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નિયમો મુજબ આવા કિસ્સામાં જીલ્લા કક્ષાએથી જરૂરી કાર્યવાહી થઇ શકે તેવા હેતુંથી તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને હાલના આ અભિપ્રાય સાથેનો જોગવાઇઓ માલુમ કરતો પરિપત્ર પણ મોકલી આપવો જોઇએ. જેથી કરીને ભવિષ્યમાં આ અંગે કોઈ વિસંગતતા ઉપસ્થિત થાય નહિ.

19/02/15.
પી.વી.ગજેરા
કાયદા સલાહકાર